જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૪/૨૦૧૪ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૯/૧૪**

**અમદાવાદ શહેર રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી આઠેક માસ અગાઉ ચોરી થયેલ આયશર ગાડીના ગુનાનો તથા અન્ય ગેસના બાટલાઓની ચોરીઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.**

અમદાવાદ શહેરમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂં નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમબ્રાંચ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમબ્રાંચ નાઓએ આપેલ સુચના અનુંસંધાને પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી કે.પી.પટેલ નાઓની ટીમના પો.સબ.ઇન્સ.આર.એસ.સુવેરા તથા ટીમના માણસોએ પેટ્રોલીંગ દરમ્યાન બાતમી આધારે બે ઈસમો (૧) યુનુસ ઉર્ફે ગોલી S/o અલ્લારખા શેખ ઉવ.૩૨ રહેવાસી બાબુલાલના છાપરામાં મેલડીમાતાના મંદિરની પાછળ બહેરામપુરા દાણીલીમડા અમદાવાદ શહેરતથા(૨) દરીયાખાન ઉર્ફે દરીયાબાપુ ઉર્ફે કાળીયો S/o બિસ્મીલ્લાખાન પઠાણ ઉવ.૩૫ રહેવાસી સદર નાઓને એક ઓટોરીક્ષા કિં.રૂ.૫૦,૦૦૦/- સાથે દાણીલીમડા વિસ્તારમાંથી પકડી પાડેલ અને તેઓ પાસેથી ચોરીનું એક આઈશર ગાડીનું એન્જીન કિં.રૂ.૫૦,૦૦૦/-ની મત્તાનું તથા ગેસના ત્રણ બાટલા કિં.રૂ.૩૬૦૦/-ની મત્તાના મળી કુલ કિં.રૂ.૧,૦૩,૬૦૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડેલ છે.

આ આરોપીઓએ ભેગામળી આજથી આઠેક માસ અગાઉ રામોલ વિસ્તારમાંથી આયશર ગાડીની ચોરીની કબુલાત કરેલ છે તેમજ ગેસના બાટલાઓ બાબતે પુછપરછ કરતાં તેમણે આજથી છ થી આઠ માસના ગાળામાં વટવા, બાપુનગર, વટવા જી.આઈ.ડીસી. તથા નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

પકડાયેલ યુનુસ ઉર્ફે ગોલી S/o અલ્લારખા શેખ નાનો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે તે ચારેક વર્ષ પહેલાં ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં લુંટના ગુન્હામા, અસલાલી પોલીસ સ્ટેશનમાં ડમ્પરની બેટરી ચોરીના ગુન્હામા, કારંજ પોલીસ સ્ટેશનમાં ઓટોરીક્ષાની બેટરી તથા ટાયર ચોરીના ગુન્હામાં તેમજ કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં મોબાઇલ ચોરીમાં પકડાઈ ચુકેલ છે.અને સદરી બંને ઈસમોની પુછપરછ દરમ્યાન બીજા ધણા ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.

**મણીનગર પોલીસ સ્ટેશન**

મણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૭૦/૨૦૧૪ ધી ઇપીકો કલમ ૩૯૨, ૧૧૪ મુજબના કામના ફરીયાદી શ્રીમતી હીનાબેન વા/લોફ મિતેષકુમાર શાહ ઉ.વ. ૩૪ રહે. ઇ/૬૮ અંબીકા ટેનામેન્ટ ઇસનપુર અમદાવાદ નાઓ તા. ૨૩/૦૪/૨૦૧૪ ના રા.ક. ૨૧/૪૦ વાગ્યાના સુમારે કૃષ્ણબાગ ચાર રસ્તા જાહેર રોડ ઉપર ફરીયાદી તથા તેમના સાસુ તેમના એક્ટીવા નં. જી.જે. ૧ ડી.પી. ૮૫૧૨ ઉપર પસાર થતા હતા તે વખતે એક પેશન મો.સા. નં. જી.જે. ૧ ડી. એન. ૪૧૭૬ ઉપર બે ઇસમો આવી ફરી. શ્રીની પાછળ બેસેલ તેમના સાસુના ગળામાં હાથ નાંખી ફરીના સાસુએ ગળામાં પહેરેલ સોનાનો દોરો સાંકળી ડિઝાઇન વાળો દોઢ તોલા વજનનો કિ.રૂ. ૩૦૦૦૦/- ની મત્તાનો ખેંચી તોડી ભાગતા ફરીશ્રીએ બુમાબુમ કરતા બન્ને ઇસમો કૃષ્ણબાગ ચાર રસ્તા વળાંકમા મો.સા. સ્લીપ ખાતાં પડી જતા મો.સા. પાછળ બેસેલ ઇસમે ફરી. શ્રીના સાસુનો સોનાનો દોરો પાછો આપી દિધેલ આ બાબતે ફરીયાદીબેને ફરીયાદ આપતા ઉપરોક્ત નંબરથી ગુનો રજીસ્ટર થયેલ છે આ કામેં આરોપીઓ જેમાં ચાલક (૧) ઈરશાદ મહેમુદભાઈ મન્સુરી તથા પાછળ બેસેલ (૨) જાવેદ હુસેનમીયાં શેખ ઉ.વ. ૧૯ રહે. દરીયાપુર અમદાવાદ નાઓની અંગ જડતી કરતા જેમાં નં. ૧ ની અંગ જડતીમાંથી બે સોનાના દોરા મળી આવેલ જેમાં એક પીળી ધાતુ નુ ડોકીયુ મણકા વાળુ આશરે સવા તોલા વજન નું કિ.રુ. ૩૫,૦૦૦/- નો તથા એક પીળી ધાતુ ની સોનાની ચેન સાંકળી ડીઝાઈન ની બે તોલા વજની કિ.રુ.૫૦,૦૦૦/- તથા એક નોકીયા કંપની નો મોબાઈલ ફોન કિ.રુ.૭૦૦/- તથા એક હીરો હોન્ડા પેશન નંબર જી.જે.૧ ડી.એન.૪૧૭૬ કિ.રુ.૨૦,૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ મળી આવેલ તપાસ દરમ્યાન આરોપી નં. (૧) ની અંગ ઝડતી માંથી મળી આવેલ સોનાના ડોકીયા (ચેન) સબંધે મણીનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૭૧/૧૪ તા.૨૪/૪/૧૪ ઈપીકો કલમ ૩૯૨, ૧૧૪ મુજબ નો ગુનો દાખલ થયેલ છે. તેમજ આરોપીઓ નો પુર્વ ઈતિહાસ અંગે પિનાક સોફ્ટવેર માં ખાત્રી તપાસ કરતાં આરોપીઓ અગાઉ વસ્ત્રાપુર, કાલુપુર, કારંજ, માધુપુરા, કાગડાપીઠ, એલીસબ્રીજ, નવરંગપુરા, સેટેલાઈટ તથા ખાડીયા પો.સ્ટે. માં ચેન સ્નેચીંગ ના ગુના માં પકડાયેલ હોઈ આરોપીઓ આવા ગુના કરવાની ટેવ વાળા રીઢા ગુનેગાર છે. તેમજ તેઓ ની ઉપરોક્ત ગુના માં પણ સંડોવાયેલ હોય આગળ ની તપાસ પો.સ.ઈ શ્રી એન.જી.ચૌધરી નાઓ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.